ઠેર-ઠેર ખોદેલા રસ્તા અને ખુલ્લી ગટરોથી ભક્તો અને જનતા ત્રાહિમામ પોકારી ઉઠ્યાં

ડાકોરમાં બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટ્યા

ડાકોર પાલિકાના અણઘડ વહીવટના કારણે યાત્રાળુઓ અને સ્થાનિકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) ડાકોર તા.3

પ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ઠાકોરજીના દર્શન કરવા માટે 2 લાખથી વધુ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. જોકે, આટલી મોટી સંખ્યામાં આવતા યાત્રાળુઓ માટે નગરપાલિકા દ્વારા કરવામાં આવેલું આયોજન અત્યંત અણઘડ સાબિત થયું છે. ડાકોર ખાતે કોઈ પણ પ્રકારની પાયાની સુખ-સુવિધાઓ જોવા મળી ન હતી, જેને કારણે શ્રદ્ધાળુઓને ભારે હાલાકી વેઠવી પડી હતી.

ઠાસરા ધારાસભ્ય દ્વારા નવા વર્ષ નિમિત્તે વિકાસની વાતો કરવામાં આવી હતી, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. પૂનમ જેવા મોટા ઉત્સવો સામે હોવા છતાં, પાલિકા દ્વારા રસ્તાઓનું ખોદકામ કરી દેવામાં આવતા યાત્રીઓને અવરજવરમાં મોટી મુશ્કેલીઓ પડી રહી છે. સ્થાનિકોના મતે, અહીં એવા રસ્તાઓ બનાવવામાં આવે છે જે એક વર્ષ પણ ટકતા નથી, અથવા તો રસ્તા બન્યા પછી તરત જ ગટર માટે તોડી પાડવામાં આવે છે. ગટર લાઇનના કામો પણ કોઈ ચોક્કસ આયોજન વગર થઈ રહ્યા છે.

તસવીરઃ ચિરંજીવ સેવક

સૂત્રોના જણાવ્યા અનુસાર, ડાકોર પાલિકાના સભ્યો આવેલી ગ્રાન્ટને ગમે તે રીતે પૂરી કરવાની હરીફાઈમાં લાગ્યા છે. ટેન્ડરો વ્યવસ્થિત કંપનીઓને મળવાને બદલે પાલિકાના સભ્યો અને તેમના મળતિયાઓ દ્વારા કામો કરવામાં આવતા હોવાની ચર્ચાઓ જાગી છે. એજન્સીઓ સાથે 'ટકાવારી' નક્કી કરીને ગુણવત્તા વગરની કામગીરી કરવામાં આવી રહી છે અને એન્જિનિયરોની મિલીભગતથી બિલો પાસ કરાવવાના કાવાદાવા થઈ રહ્યા હોવાના ગંભીર આક્ષેપો પણ ઉઠ્યા છે. આ સમગ્ર મામલે ચીફ ઓફિસર મૌન સેવીને મૂકપ્રેક્ષક બની રહ્યા હોય તેવું જણાય છે.

પોલીસ તંત્રની કામગીરી અને ટ્રાફિકની સમસ્યા એક તરફ પાલિકાના અણઘડ વહીવટને કારણે રસ્તાઓ ઊબડખાબડ અને અવ્યવસ્થિત છે, ત્યારે બીજી તરફ પોલીસ પ્રશાસન વહેલી સવારના 4 વાગ્યાથી ખડેપગે જોવા મળ્યું હતું. શ્રદ્ધાળુઓ શાંતિથી દર્શન કરી શકે તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જોકે, પાલિકાની બેદરકારીના કારણે સર્જાતા ટ્રાફિકને ઉકેલવામાં પોલીસને પણ ભારે પરસેવો પાડવો પડ્યો હતો. ખોદેલા રસ્તાઓ અને પાર્કિંગની સમસ્યાએ મુસાફરો માટે માથાનો દુખાવો વધાર્યો છે. ડાકોર પાલિકાના આવા વહીવટથી માત્ર બહારથી આવતા યાત્રાળુઓ જ નહીં, પણ ગામના લોકો પણ હવે કંટાળી ગયા છે અને આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે.

આણંદમાં એમબી પટેલ કોલેજમાં ફોર્મ સ્વિકારાશે

ડીએન હાઈસ્કૂલમાં જીપીએસસીની પરીક્ષા હોવાના કારણે 4 મથક બદલાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદ વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ ડી.એન. હાઈસ્કૂલ ખાતે ચોથી જાન્યુઆરીના રોજ GPSC દ્વારા સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટરની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા કેન્દ્રને ધ્યાને રાખીને, વહીવટી તંત્ર દ્વારા તે દિવસે ડી.એન. હાઈસ્કૂલના ચાર મતદાન મથકો માટેની હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવાનું સ્થળ બદલીને સામે આવેલી એમ.બી. પટેલ સાયન્સ કોલેજ ખાતે રાખવામાં આવ્યું છે.

આણંદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, મતદાન મથક નંબર 76 (આણંદ-35), 77 (આણંદ-36), 84 (આણંદ-43) અને 85 (આણંદ-44) ના મતદારોની અરજીઓ ઈલેક્ટ્રોનિક્સ લેબ, એમ.બી. પટેલ સાયન્સ કોલેજ, ડી.એન. હાઈસ્કૂલની સામે, સરદાર ગંજ ખાતે સ્વીકારાશે.

આ વ્યવસ્થા ચોથી જાન્યુઆરીના રોજ જીપીએસસીની પરીક્ષા હોવાથી કરવામાં આવી છે, જેથી બીએલઓ (બુથ લેવલ ઓફિસર) દ્વારા અરજીઓ સ્વીકારવાની કામગીરી એમ.બી. પટેલ સાયન્સ કોલેજ ખાતે રવિવારના રોજ પૂર્ણ કરવામાં આવશે. આ ફેરફાર માત્ર ઉક્ત ચાર મતદાન મથકો પૂરતો મર્યાદિત છે, જેની સંબંધિત મતદારોએ નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે.

ખાતેદારોએ 5 ટકા કમિશનની લાલચ આપી બોગસ એકાઉન્ટ ખોલાવ્યું

બાલાસિનોરમાં મ્યુલ એકાઉન્ટ દ્વારા 24ના નાણાં સગેવગે કર્યાં

ગઠિયાઓએ રૂ. 73,816 ઓનલાઇન જમા કરાવ્યાં

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.2

બાલાસિનોર તાલુકા પોલીસે સાયબર ક્રાઇમ પોલીસની બાતમીના આધારે મ્યુલ એકાઉન્ટ દ્વારા થતી છેતરપિંડીના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ અંગે 3 શખસ સામે ગુનો નોંધ્યો હતો.

બાલાસિનોર પોલીસે સાયબર ક્રાઇમ પોલીસ તરફથી મળેલી મ્યુલ એકાઉન્ટની યાદીના આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં બેન્ક ઓફ મહારાષ્ટ્રની લુણાવાડા શાખાનું એક એકાઉન્ટ શંકાસ્પદ જણાતા, NCCRP અને સમન્વય પોર્ટલ પર તેનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે તા. 1લી ફેબ્રુઆરી, 2025થી 25મી માર્ચ,2025ના ટૂંકા ગાળામાં આ એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂ. 73,816 જમા થયાં હતાં.

બાલાસિનોર પોલીસ તપાસમાં ખાતાધારક દશરથ કિશોરભાઇ ગોંડલીયા (રહે. પાંડવા)ની પૂછપરછ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. દેવેન્દ્રભાઇ ડોડીયા અને ગુરુ નામના બે શખ્સોએ દશરથભાઇને 5 ટકા કમિશનની લાલચ આપીને બેન્ક એકાઉન્ટ ખોલાવવા લલચાવ્યાં હતાં. આ કાવતરાને અંજામ આપવા માટે ગઠિયાઓએ બાલાસિનોરની દેવ ચોકડી પાસે એક દુકાન ભાડે રાખી હતી અને આધારકાર્ડના સરનામામાં ફેરફાર કરાવી લુણાવાડા ખાતે ખાતું ખોલાવ્યું હતું. આ એકાઉન્ટનો ઉપયોગ અલગ-અલગ રાજ્યોના ભોગ બનેલા 24 લોકો પાસેથી છેતરપિંડીથી મેળવેલા નાણાં મેળવવા માટે કરવામાં આવતો હતો. હાલમાં, બાલાસિનોર તાલુકા પોલીસે દશરથ કિશોર ગોંડલીયા (રહે. પાંડવા), દેવેન્દ્ર ડોડીયા અને ગુરૂ નામનો શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પેટલાદ પંથકમાં ચાઈનીઝ દોરી સાથે બે જણ પકડાયાં

ડેમોલ અને ચાંગા ગામમાં મહેળાવ પોલીસે કાર્યવાહી કરી

(પ્રતિનિધિ) પેટલાદ તા.3

પેટલાદના ડેમોલ અને ચાંગા ગામમાં ચાઈનીઝ દોરી સાથે બે શખસ પકડાયાં હતાં. આ શખસો સામે મહેળાવ પોલીસે ગુનો નોંધ્યો હતો.

મહેળાવ પોલીસ બાતમી આધારે ડેમોલ ગામ પહોંચી હતી. જ્યાં વાસણપુરા ખેતરમાં રહેતા મેલા રઈજીભાઈ બારૈયાને તપાસ કરતાં મીણીયાના કોથળામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની આઠ ફિરકી કિંમત રૂ.2400 મળી આવી હતી. આ અંગે મહેળાવ પોલીસે જાહેરનામા ભંગ બદલ મેલા રઈજી બારૈયા સામે ગુનો નોંધ્યો હતો.

આ ઉપરાંત મહેળાવ પોલીસે ચાંગા પાસે વાહન ચેકીંગ દરમિયાન શંકાસ્પદ એક્ટિવાને રોક્યું હતું. તેની ડેકીમાં તપાસ કરતાં ચાર ફિરકી ચાઈનીઝ દોરીની મળી આવી હતી. આ અંગે ચાલકની પુછપરછ કરતાં તે ધવલ મનુભાઈ પરમાર (રહે. વલેટવા) હોવાનું જણાવ્યું હતું. આથી, પોલીસે ધવલ પરમાર સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધ્યો હતો.

બાલાસિનોર ટાઉન પોલીસે ટીમ્બા મહોલ્લામાં ઘરની ઉપર આવેલી ઓરડીમાંથી ખાખી કલરના પુંઠાના બોક્સમાંથી ચાઈનીઝ ફીરકીઓ 48 કિંમત રૂ.36 હજાર પકડાઈ હતી. આ અંગે પોલીસે મહમંદવાકીફ મહેબુબમીયા મલેક (રહે. બાલાસિનોર)ને દબોચીને તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

આણંદમાં 3 દિવસ ABVPનું પ્રદેશ અધિવેશન ઉજવાશે

વિદ્યાર્થીઓ માટે વિચારવિમર્શ અને સંગઠનાત્મક દિશા નિર્ધારણનું મહત્વપૂર્ણ મંચ બનશે

(પ્રતિનિધિ) આણંદ તા 3

આણંદ ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું 57મું પ્રદેશ અધિવેશન 6, 7 અને 8મી તારીખે યોજાશે. રાજ્યભરના વિદ્યાર્થી પ્રતિનિધિઓ અને કાર્યકરોની હાજરીમાં મહત્વપૂર્ણ અધિવેશન માટે વ્યાપક આયોજન કરાયું છે.

અધિવેશનના આયોજન અંતર્ગત આણંદના સાંસદ મિતેષભાઈ પટેલે અધિવેશન સ્થળની મુલાકાત લઈ વિવિધ

તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે સભાસ્થળ, રહેવાની વ્યવસ્થા, પાર્કિંગ, સુરક્ષા, સ્વચ્છતા તેમજ અન્ય વ્યવસ્થાઓ અંગે આયોજકો સાથે વિગતવાર ચર્ચા કરી હતી. સાંસદ મિતેષભાઈ પટેલે આયોજન સમિતિને જરૂરી માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે આણંદ ખાતે યોજાનાર આ અધિવેશન વિદ્યાર્થીઓ માટે વિચારવિમર્શ, માર્ગદર્શન અને સંગઠનાત્મક દિશા નિર્ધારણનું મહત્વપૂર્ણ મંચ બનશે. તેમણે આયોજન સફળ બનાવવા માટે સૌને સંકલન અને શિસ્ત સાથે કામગીરી કરવાની અપીલ કરી હતી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના આગેવાનો દ્વારા જણાવવામાં આવ્યું છે કે ત્રિદિવસીય આ પ્રદેશ અધિવેશન દરમિયાન શૈક્ષણિક મુદ્દાઓ, વિદ્યાર્થી હિતો, રાષ્ટ્ર નિર્માણમાં યુવાઓની ભૂમિકા તેમજ આવનારા સમયની કાર્ય યોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. આ અધિવેશનથી આણંદ શહેરની ઓળખ રાજ્યસ્તરે વધુ મજબૂત બનશે તેમ પણ જણાવાયું હતું.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદ ખાતે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તરીકે ડો. તેજેન્દ્રસિંહ સોલંકી નિમાયા

આણંદ | આણંદ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી, સેવા સદન ખાતે એજ્યુકેશન ઇન્સ્પેક્ટર વર્ગ -2ના અધિકારી તરીકે ફરજ બજાવતા ડો. તેજેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ સોલંકીની બદલી જિલ્લા પંચાયત, આણંદ ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરી ખાતે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વર્ગ-2 તરીકે કરતા તેઓએ ચાર્જ સંભાળી લીધો છે. આણંદ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો. અર્ચનાબેન પ્રજાપતિએ બદલી થઈને આવેલા ડો. તેજેન્દ્રસિંહ સોલંકીને આવકાર્યા હતા. શિક્ષણ વિભાગના અન્ય અધિકારી કર્મીઓએ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની જગ્યા ભરાતા આનંદ વ્યક્ત કર્યો હતો.

ખેડાના મુક્તજીવન સ્વામીબાપા પ્રાગટ્ય ધામ ખાતે શિક્ષાપત્રી પૂજનની ભવ્ય ઉજવણી

ખેડા | સ્વામિનારાયણ ગાદીના આચાર્યની પ્રેરણાથી વાત્રક કાંઠે આવેલા મંદિરમાં શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત ગ્રંથનું વિશેષ પૂજન અને અર્ચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભગવાનને ફૂલોથી વધાવી, આયોજિત સંતવાણીમાં મહંત નિર્માનપ્રિયદાસજી સ્વામીએ શિક્ષાપત્રીના ઉપદેશો જીવનમાં ચરિતાર્થ કરવા વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પાવન પર્વે દર્શન અને કથાવાર્તાનો લાભ લેવા માટે આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લામાંથી અનેક ભક્તો ઉમટી પડ્યા હતા. પોષી પૂર્ણિમાના આ મહોત્સવમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રદ્ધાળુઓએ દર્શન, શ્રવણ અને ભક્તિનો અનેરો લ્હાવો લીધો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ખેડાના અંબાજી મંદિરમાં ભવ્યાતિભવ્ય અન્નકૂટના ધરાવવામાં આવ્યો

ખેડા | ખેડાના અંબાજી મંદિરમાં ભવ્યાતિભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. પોષી પૂનમ એટલે મા અંબાનો પ્રાગટ્ય દિવસ. ખેડા શહેરમાં પણ પ્રવેશતા જ મા અંબાનું મંદિર છે, જ્યાં સાક્ષાત અંબાજી માતાજી બિરાજમાન છે. જ્યાં પોષી પૂનમ નિમિત્તે માતાજીના જન્મ દિવસે વહેલી સવારથી ભક્તો દર્શન કરવા ઉમટી પડ્યા હતા. નીજ મંદિરમાં માતાજી સન્મુખ ભવ્યાતિભવ્ય અન્નકૂટ કરવામાં આવ્યા હતા.અને બપોરે 12.30 કલાકે માતાજીની આરતી કરવામાં આવી હતી. જેમાં ખુબ મોટી સંખ્યામાં ભક્તો પહોંચ્યા હતા.આરતી બાદ અન્નકૂટના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

ચારૂસેટ યુનિવર્સિટીના સહાયક પ્રોફેસરે અંગ્રેજી સાહિત્યમાં પીએચડી કર્યું

આણંદ | ચાંગા સ્થિત ચારૂસેટ યુનિવર્સિટીના સહાયક પ્રોફેસર ડો. જયશ્રી ચિરાગ મહેતાએ અંગ્રેજી સાહિત્યમાં પીએચડીની ઉપાધિ મેળવી છે. ડો. જયશ્રી મહેતાએ વિદ્યાનગરની ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટીમાંથી આ પદવી મેળવી છે. તેમનું સંશોધન કાર્ય આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણાના સહાયક પ્રોફેસર ડો. જયવીરસિંહ રાજપૂતના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયું હતું. ડેરોઝિયો અને નિસિમ ઇઝીકિયલના કાવ્યમાં પ્રતિબિંબિત થતી સાંસ્કૃતિક ઓળખ, રાષ્ટ્ર ભાવના અને સામાજિક વાસ્તવિકતાઓનું ગહન વિશ્લેષણ કરે છે.

કપડવંજ કોલેજના કોમર્સ વિભાગ દ્વારા અમૂલ ડેરી અને મોગર પ્લાન્ટની મુલાકાત યોજાઈ

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ અને કોમર્સ કોલેજના 58 વિદ્યાર્થીઓએ આણંદ સ્થિત અમૂલ ડેરી અને મોગરના ચોકલેટ પ્લાન્ટની મુલાકાત લઈ દૂધ ઉત્પાદન અને વ્યવસ્થાપનનું પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું. આ આયોજન કાર્યકારી આચાર્ય પ્રો. અંબરીશ પંડા અને વિભાગીય વડા શિવાનીબેન પરમારના માર્ગદર્શન હેઠળ 4 અધ્યાપકોના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ઔદ્યોગિક પ્રક્રિયાઓને નજીકથી નિહાળીને તેમના સિદ્ધાંતાત્મક જ્ઞાનને વાસ્તવિક અનુભવ સાથે સાંકળ્યું હતું. આ શૈક્ષણિક પ્રવાસ વિદ્યાર્થીઓ માટે અત્યંત માહિતીપ્રદ અને વ્યવહારુ સમજ આપનારો સાબિત થયો હતો.

કપડવંજમાં અકસ્માતમાં મૃત્યુ પામેલા કર્મચારીના પરિવારને 60 લાખની વીમા સહાય અર્પણ

કપડવંજ | કપડવંજમાં માર્ગ અકસ્માતમાં અવસાન પામેલા રાજ્ય સરકારના કર્મચારી મહેશભાઈ પરમારના પરિવારને SBI શાખા દ્વારા 60 લાખના ચેક એનાયત કરવામાં આવ્યાં હતાં. આ બેંકની પર્સનલ એક્સીડન્ટલ ઇન્સ્યોરન્સ યોજના હેઠળ આ સહાય મૃતકના પત્ની કમળાબેન અને તેમના પુત્રોને બેંક ખાતે અર્પણ કરાઈ હતી. આ શાખાના સિનિયર મેનેજર ગોપાલ સિંહા અને ડેપ્યુટી મેનેજર ભાર્ગવ વર્માના હસ્તે આ ચેક અર્પણ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ મુશ્કેલ સમયમાં બેંક દ્વારા મળેલી આ ત્વરિત આર્થિક મદદ અને સદભાવ બદલ પરિવારજનોએ બેંક સત્તાવાળાઓનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

કપડવંજ વિશા ખડાયતા યુવક મંડળ દ્વારા વડોદરાના ધાર્મિક ઉત્સવનો પ્રવાસ સંપન્ન

કપડવંજ | કપડવંજ વિશા ખડાયતા યુવક મંડળ દ્વારા આયોજિત એક દિવસીય ધાર્મિક પ્રવાસ અંતર્ગત જ્ઞાતિજનોએ વડોદરા ખાતે ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવની મુલાકાત લીધી હતી. આ પ્રવાસીઓએ ત્યાં 84 વ્રજકોષ ઝાંખી, ભારત તીર્થ અને ચારધામ દર્શનના અદભુત દર્શન કરી ધન્યતા અનુભવી હતી તેમજ બિઝનેસ એક્સપોમાં જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું. આ મહોત્સવમાં વૈષ્ણવાચાર્યની અમૃતવાણીનો લાભ લીધા બાદ, સંસ્થાના પ્રમુખ વિજયભાઈ શાહ તરફથી તમામ પ્રવાસીઓને યાદગાર સંભારણા સ્વરૂપે ભેટ આપવામાં આવી હતી. આ પ્રવાસને સફળ બનાવવામાં વિશેષ યોગદાન આપનાર હોદ્દેદારો અને સહયોગીઓનો મંત્રી કલ્પેશભાઈ શાહ (ગબ્બર) અને કિશનભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

જબલપુરની વર્લ્ડ રામાયણ કોન્ફરન્સમાં આચાર્ય રણછોડલાલજીના 'રામવલ્લભ' ગ્રંથનું લોકાર્પણ

કપડવંજ | જબલપુરમાં જાન્યુઆરી 2026માં યોજાનારી ચોથી વર્લ્ડ રામાયણ કોન્ફરન્સના આંતરરાષ્ટ્રીય મંચ પર અમદાવાદની ગોસ્વામી હવેલીના આચાર્ય રણછોડલાલજી રચિત 'રામવલ્લભ' ગ્રંથનું ચોથી જાન્યુઆરીએ વિમોચન કરવામાં આવશે. આ વિશેષ ગ્રંથમાં રામ 108 નામાવલીનું સંસ્કૃત સ્તોત્ર, સંગીતબદ્ધ કીર્તનો અને તેનું હિન્દી તથા અંગ્રેજી અનુવાદ સમાવિષ્ટ છે, જેનું પ્રકાશન વિદ્યા વિભાગ ગોસ્વામી હવેલી દ્વારા કરાયું છે. 20 હજારથી વધુ કૃતિઓના સર્જક અને વિરલ વાગ્ગેયકાર આચાર્ય આ દરમિયાન જબલપુરના ગોપાલ મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને વચનામૃત સત્રો દ્વારા ભક્તોને સંબોધશે.

ખેડા એસટી બસના કન્ડક્ટરે મુસાફરની ભૂલાયેલી બેગ પરત કરી પ્રામાણિકતા દાખવી

ખેડા | ખેડા તાલુકા સેવા સદન ખાતે યોજાયેલી સંકલન બેઠકમાં નાયબ કલેક્ટર સુરજ બારોટ અને ધારાસભ્ય કલ્પેશભાઈ પરમારના હસ્તે એસટી ડેપોના ટીસી ફારૂકખાન પઠાણનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ફતેપુરા-રાધનપુર બસમાં મુસાફર દ્વારા ભૂલાયેલી કિંમતી બેગ સુરક્ષિત રીતે મેળવીને પરત અપાવવામાં તેમની મહત્વની ભૂમિકા રહી હતી. તેમની આ ફરજ પ્રત્યેની નિષ્ઠા અને ઉમદા કાર્યને બિરદાવી મહાનુભાવો દ્વારા તેમને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રશંસનીય કામગીરીથી ખેડા એસટી ડેપોની પ્રતિષ્ઠામાં વધારો થયો છે.

સરદાર પટેલ યુનિવર્સિટીમાં NEP-2020 મુજબ નવા એમ.કોમ. અભ્યાસક્રમ માટે વર્કશોપ યોજાયો

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીના બિઝનેસ સ્ટડીઝ વિભાગ દ્વારા NEP-2020 મુજબ નવા એમ.કોમ. પ્રોગ્રામનું માળખું અને સિલેબસ તૈયાર કરવા માટે 'સ્ટેકહોલ્ડર ગેપ આઇડેન્ટિફિકેશન વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ડો. નિખિલ ઝવેરી અને પ્રો. અલ્કા મેકવાને Gen-Z વિદ્યાર્થીઓ માટે પ્રેક્ટીકલ, સ્કીલ આધારિત અને ગુણવત્તાયુક્ત શિક્ષણના માળખા અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું નિષ્ણાંતો પ્રો. ગુરુદત્તા જપી, શીલ ધોળકિયા, સીએ જીગર પરીખ અને પ્રિન્સિપલ વી.એમ. વનારે ટેકનોલોજી, MSME અને GST જેવા વિષયોના પરિવર્તનોને ધ્યાને રાખી સિલેબસમાં જરૂરી સુધારા સૂચવ્યા હતાં. વિભાગીય વડા પ્રો. યજ્ઞેશ દલવાડીના માર્ગદર્શન હેઠળ ડો. અંકુર અમીને આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પણ જૂની અને નવી રૂપરેખાના તુલનાત્મક ફેરફારો માટે ઉત્સાહપૂર્વક રજૂઆત કરી હતી.

આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ખેતીવાડી મહિલા મંડળ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી કેમ્પસ ખાતે ખેતીવાડી મહિલા મંડળ દ્વારા સભ્યો માટે ઉત્સાહભેર સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના પ્રમુખ જયાબેન કથીરીયાના હસ્તે ઉપસ્થિત તમામ બહેનોને પ્રોત્સાહક ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો અને કાર્યક્રમના અંતે સર્વે સભ્યોએ સાથે મળીને સમૂહ ભોજન લીધું હતું. આ સમગ્ર આયોજન પ્રમુખ જયાબેન કથીરીયા સહિતની કારોબારી ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.